©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] THURSDAY, OCTOBER 1, 2026 / ASVINA 9, 1948 [ No. 40**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-B

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.**

સુરત શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં. ૧૧૨૧૦૦૧૫૨૪૦૦૨૮/૨૦૨૪ થી દાખલ થયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ )ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ (એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકત ટાંચમાં લેવા બાબત.

### ગૃહ વિભાગ

### હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૬

**ક્રમાંક: GHG/107/2026/AGN/102026/GPID-04/SB4:** પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી .ક્રાઈમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્યનો તા.૦૬.૦૮.૨૦૨૬ નો પત્ર ક્ર.સીઆઇડી/EOW & FC-CC/SIMU-1/૬૧૬/૨૦૨૬ થી સુરત શહેર ડી.સી.બી.પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૧૧૨૧૦૦૧૫૨૪૦૦૨૮/૨૦૨૪ થી ઈ.પી.કો.૪૨૦ તથા ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ )ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ (એક્ટ, ૨૦૦૩ ની કલમ-૩ તથા પ્રાઇઝ ચીટ એન્ડ મની સર્ક્યુલેશન )બેનીંગ (એક્ટ-૧૯૭૮ ની કલમ-૪, ૫, ૬ હેઠળ આરોપી રાહુલ બાબુલાલ પટેલ વિરૂદ્ધ તા.૩૧.૦૩.૨૦૨૪ ના રોજ નોંધાયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ )ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ (એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકતો ટાંચમાં લેવા બાબતે હુકમ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

૨. આ કેસની હકીકત એવી છે કે, આ ગુનાના આરોપીઓએ ભેગા મળી આ કામના આરોપીએ "પટેલ સોસાયટી માસિક બચત યોજના"ના નામથી લલચામણી અને લોભામણી સ્કીમ ચાલુ કરી જેમાં એક વ્યક્તિ )એક ડાયરી કાર્ડ (ના માસિક હપ્તો રૂ.૩૦૦ )૩ વર્ષ (રૂ.૧૦,૮૦૦ -/ ની સામે રૂ .૨૦,૦૦૦ -/ફીક્સ મળશે તે રીતેના કાર્ડ છપાવી ફરીયાદી તથા સાહેદોને વિશ્વાસમાં લઈ સ્કીમમાં રોકાણ કરેલ રૂપિયાના ત્રણ વર્ષમાં ડબલ મળી જશે અને સારો નફો તેવી લાલચો આપી ફરીયાદી તથા અન્ય ભોગ બનનાર/સાહેદો/રોકાણકારો સાથે કુલ રકમ રૂ.૮,૮૪,૮૦૦ -/ની છેતરપીંડી કરી ગુનાહિત કૃત્ય આચરેલ છે.

૩. આ ગુનાની તપાસ દરમિયાન જણાય આવેલ વિગતો અનુસાર, આરોપીઓ દ્વારા તેઓની ગુનાહિત પ્રવૃતિઓ મારફતે એકત્રિત કરવામાં આવેલ આરોપીની મિલકત)વાહન(ની રકમ કુલ રૂ.૩,૭૫,૦૦૦ -/થાય છે.

૪. આથી, રોકાણકારોના હિતને ધ્યાને લેતાં તથા છેતરપિંડીના બનાવો બનતા અટકાવવા તથા રોકાણ-કર્તાઓને પોતાના નાણા પરત મળે તે હેતુથી ગુજરાત પ્રોટેકશન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ )ઇન ફાઇનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ (એક્ટ, ૨૦૦૩ ની કલમ ૪)૧ (હેઠળ આરોપીઓની કોષ્ટક-૦૧ માં દર્શાવ્યા મુજબની મિલકતો/સંપત્તિઓ ટાંચમાં લેવા હુકમ કરવા જરૂરી છે.

૫. આથી, સુરત શહેર ડી.સી.બી.પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં .૧૧૨૧૦૦૧૫૨૪૦૦૨૮/૨૦૨૪ થી દાખલ થયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ )ઇન ફાઇનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ (એક્ટ, ૨૦૦૩ કલમ ૪)૧ (હેઠળ આરોપીઓની નીચે કોષ્ટક-૦૧ માં દર્શાવ્યા મુજબની મિલકત)વાહન (ટાંચમાં લેવા તથા પ્રાંત અધિકારીશ્રી, સુરત શહેરને “કોમ્પીટન્ટ ઓથોરીટી ”તરીકે ડેઝીગ્નેટેડ કોર્ટના આખરી હુકમ સુધી પ્રોપર્ટી તેઓના હસ્તક રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

**કોષ્ટક-૦૧**

| ક્ર. | ગાડીનો પ્રકાર | ગાડીનો નં. | ચેસીસ નં. | એન્જીન નં. | મોડલ/વર્ષ | અંદાજિત કિંમત |
|---|---|---|---|---|---|---|
| ૧ | BMW X 1મેટાલીક કોફી કલરની કાર | GJ-19-AA-0027 | WBAVN 37070V R48474 | 77417818 | 2012 | રૂ.૩,૭૫,૦૦૦ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ડૉ. હર્ષિત ગોસાવી,**

સરકારના અધિક સચિવ.

----------

સુરત શહેર ચોક બજાર પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં. ૧૧૨૧૦૦૧૨૨૫૦૬૦૫/૨૦૨૫ થી દાખલ થયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ) ઈન ફાઇનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ (એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકત ટાંચમાં લેવા બાબત.

**ગૃહ વિભાગ**

**હુકમ**

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૬

**ક્રમાંક: GHG/108/2026/AGN/102026/GPID-05/SB4:** પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી .ક્રાઈમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્યનો તા.૦૬.૦૮.૨૦૨૬ નો પત્ર ક્ર.સીઆઇડી/EOW & FC & CC/SIMU-1/૬૧૭/૨૦૨૬થી સુરત શહેર ચોક બજાર પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં . ૧૧૨૧૦૦૧૨૨૫૦૬૦૫/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ ની કલમ-૩૧૬)૫( તથા ગુજરાત પ્રોટેકશન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ )ઇન ફાઇનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ (એક્ટ, ૨૦૦૩ ની કલમ-૩ મુજબ આરોપીઓ )૧ (નિલેષભાઇ ખીમજીભાઇ જાદવ રહે.ફલેટ )૨ (ચેતનકુમાર ઈશ્વરલાલ વાઘેલા વિરૂદ્ધ તા.૨૯.૦૪.૨૦૨૫ ના રોજ નોંધાયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ )ઇન ફાઇનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ (એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકતો ટાંચમાં લેવા બાબતે હુકમ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

૨. આ ગુનાના આરોપીઓએ ભેગા મળી નિલેષ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ રીયલ એસ્ટેટ નામની કંપની ખોલી ફરિયાદી તેમના હસ્તકના અન્ય રોકાણકારોને તેઓએ રોકાણ કરેલ રૂપિયાનું ૧ %થી ૩ %લેખે માસીક વળતર આપવાની લાલચ આપી તથા મકાન આપવાની લાલચ રોકાણકારોને તેમની સહીવાળું સર્ટીફીકેટ ઓફ પાર્ટિસિપન્ટ તથા કન્ડિશન ફોર્મ તથા પહોંચ તથા સિક્યોરિટી પેટે ચેકો આપી ફરીયાદી તથા અન્ય ૬૫ રોકાણકારોને રૂા.૩,૮૧,૦૦,૦૦૦ -/નું નિલેષ ઇન્વેસ્ટમેન્ટમાં રોકાણ કરાવી તથા અન્ય ૦૩ સાહેદોને રૂ.૪૦,૫૧,૦૦૦ -/નું નિલેષ રીયલ એસ્ટ્રેટમાં રોકાણ કરાવી એમ કુલ રકમ રૂ.૪,૨૧,૫૧,૦૦૦ -/પૈકી રૂ.૩૬,૧૧,૧૮૦ -/રોકાણકારોને પરત કરેલ છે તથા આરોપીઓએ કુલ રૂ.૩,૮૫,૩૯,૮૨૦ -/રોકેલ નાણા કે વળતર પરત નહી આપી ફરિયાદી તથા અન્ય ભોગ બનનાર/સાહેદો/રોકાણકારો સાથે છેતરપીંડી કરી ગુનાહિત કૃત્ય આચરેલ છે.

૩. આ ગુનાની તપાસ દરમિયાન જણાય આવેલ વિગતો અનુસાર, આરોપીઓએ ગેરકાયદેસર રીતે નાણા મેળવી દરખાસ્તમાં દર્શાવ્યા મુજબ મિલકતની ખરીદી કરેલ હોવાનું ફલિત થાય છે .આ સ્થાવર મિલકતોની દસ્તાવેજ મુજબની કિંમત કુલ રૂ.૯૫,૩૧,૦૦૦-/જેટલી થાય છે .આ સ્થાવર મિલકતોની હાલની અંદાજિત બજાર કિંમત રૂ.૨,૧૫,૬૨,૦૦૦ -/થાય છે .જપ્ત કરવાની થતી બેંક ખાતાઓની જમા રકમ કુલ રૂ.૨,૪૩,૫૬૨ -/થાય છે .જપ્ત કરવાની થતી મિલકત અને બેંક ખાતાઓની જમા રકમ એમ કુલ રકમ રૂ.૨,૧૮,૦૫,૫૬૨ -/થાય છે.

૪. આથી, રોકાણકારોના હિતને ધ્યાને લેતાં તથા છેતરપિંડીના બનાવો બનતા અટકાવવા તથા રોકાણ-કર્તાઓને પોતાના નાણા પરત મળે તે હેતુથી ગુજરાત પ્રોટેકશન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ )ઇન ફાઇનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ (એક્ટ, ૨૦૦૩ ની કલમ ૪)૧ (હેઠળ આરોપીઓની કોષ્ટક-૦૧ અને કોષ્ટક-૦૨ માં દર્શાવ્યા મુજબની મિલકતો/સંપત્તિઓ ટાંચમાં લેવા હુકમ કરવા જરૂરી છે.

૫. આથી, સુરત શહેર ચોક બજાર પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૧૧૨૧૦૦૧૨૨૫૦૬૦૫/૨૦૨૫ થી દાખલ થયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ )ઇન ફાઇનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ (એક્ટ, ૨૦૦૩ કલમ ૪)૧ (હેઠળ આરોપીઓની નીચે કોષ્ટક-૦૧ તથા કોષ્ટક-૦૨ માં દર્શાવ્યા મુજબની મિલકતો/સંપત્તિઓ ટાંચમાં લેવા તથા પ્રાંત અધિકારીશ્રી, સુરત)ઉત્તર(ને કોમ્પીટન્ટ ઓથોરીટી તરીકે ડેઝીગ્નેટેડ કોર્ટ ના આખરી હુકમ સુધી તેઓના હસ્તક રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

**કોષ્ટક-૦૧**

| ક્ર. | મિલકતનું વર્ણન | મિલકત ટાંચમાં લેવાની થાય તે વ્યક્તિ/સંસ્થા/ પેઢીનું નામ | ખરીદી મુજબ કિંમત | હાલની માર્કેટ ખરીદી મુજબ અંદાજે કિંમત | મિલકતના હાલના કબજેદારનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | મોજે સુરત ડીસ્ટ્રીક્ટ, અડાજણ સબ ડીસ્ટ્રીકટ તાલુકો અડાજણ શહેર સુરતના મોજે રાંદેરના બિનખેતીના સર્વે.નં.૭૯,૧૦૦,૧૦૧ જેનો ટી.પી.સ્કીમ નં.૩૦, ઓરીજનલ પ્લોટ.નં.૭૦, ફાઇનલ પ્લોટ.નં.૪૬ વાળી જમીનમાં બાંધવામાં આવેલ “રાજહંસ રેસીડેન્સી” નામના બિલ્ડીંગમાં આયોજન કરવામાં આવેલ એ,બી/૧, બી/૨, સી/૧, સી/૨, ડી/૧, ડી/૨, ઇ, એફ તથા જી ટાઇપના બિલ્ડીંગો પૈકી "ઇ "ટાઇપના બિલ્ડીંગ.નં .“જી ”ના પાંચમા માળે આવેલ ફ્લેટો પૈકી ફ્લેટ.નં.૫૦૧ વાળી મિલ્કત.<br>મિલકતનું ક્ષેત્રફળ :૭૪.૬૩ ચો.મી. | આરોપી નિલેષભાઇ ખીમજીભાઇ જાદવ તથા તેમના પત્ની અરૂણા નિલેષભાઇ જાદવ | રૂ.૨૫,૦૦,૦૦૦-/ | રૂ.૭૫,૦૦,૦૦૦-/ | આરોપી નિલેષભાઇ ખીમજીભાઇ જાદવ તથા તેમના પત્ની અરૂણા નિલેષભાઇ જાદવ |
| ૨ | મોજે સુરત ડીસ્ટ્રીકટ, અડાજણ સબ ડીસ્ટ્રીકટના મોજે ગામ પાલણપોરના સર્વે.નં.૬૬/૩, જેનો બ્લોક નં.૧૦૪ પૈકી, જેનુ ક્ષેત્રફળ ૪૮૯.૦૦ ચો.મી, જેનો પ્રિલીમનરી ટી.પી.સ્કીમ.નં.૮ )પાલણપોર, સુડા (ફાઇનલ પ્લોટ.નં.૭૬, જેનુ ક્ષેત્રફળ ૩૪૭.૦૦ ચો.મી .તથા બ્લોક.નં.૧૦૪ પૈકી-૧, જેનુ ક્ષેત્રફળ ૧૨૬૬૩.૦૦ ચો.મી .છે. જેનો ટી.પી.સ્કીમ નં.૮ )પાલણપોર, સુડા (ફાઇનલ પ્લોટ .નં.૭૭ જેનું ક્ષેત્રફળ ૮૯૯૦.૦૦ ચો.મી .છે .જે બંને ફાઇનલ પ્લોટનું કુલ ક્ષેત્રફળ ૯૩૩૭.૦૦ ચો.મી .છે .તે પૈકી સબ પ્લોટ.નં.૧ ની ૪૩૩૭.૪૪ ચો.મી. જમીનમાં બાંધવામાં આવેલ "મોનાર્ક રેસીડેન્સી "નામના પ્રોજેક્ટમાં ફ્લેટ નં.બી/૧૦૦૨.<br>મિલકતનું ક્ષેત્રફળ :૧૦૬.૯૮ ચો.મી. | આરોપી નિલેષભાઇ ખીમજીભાઇ જાદવ | રૂ.૪૭,૦૦,૦૦૦-/ | રૂ.૯૪,૦૦,૦૦૦-/ | આરોપી નિલેષભાઇ ખીમજીભાઇ જાદવ |

| ક્ર. | મિલકતનું વર્ણન | મિલકત ટાંચમાં લેવાની થાય તે વ્યક્તિ/સંસ્થા/ પેઢીનું નામ | ખરીદી મુજબ કિંમત | હાલની માર્કેટ ખરીદી મુજબ અંદાજે કિંમત | મિલકતના હાલના કબજેદારનું નામ |
|---|---|---|---|---|---|
| ૩ | મોજે સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસી હાલ અડાજણ મોજે અડાજણના રે.સર્વે.નં.૩૨૮/૩,૩૩૦, ટી.પી.સ્કીમ નં.૧૩, ફાઈનલ પ્લોટ.નં.૨૭૯,૨૮૦ તથા ૨૯૪ વાળી બિનખેતીની જમીનમાં આકાર પામેલ ગંગાનગર કો.ઓ.હાઉસીંગ સોસાયટી લીમીટેડ માં આવેલ )મંજુર પ્લાન મુજબ પ્લોટ.નં.૪૧ તથા ૪૨ પૈકી (સ્થળ સ્થિતી મુજબ પ્લોટ.નં .૪૧-બી )૭ +૧૨ મુજબ પ્લોટ નં.૪૧-બી (કે જે સીટી સર્વે દફતરે સીટી સર્વે.નં.૦૯૩૦૧૨૯ થી ઓળખાય છે તે જમીનમાં ૯૬.૦૦ ચો.મી તથા તે જમીન ઉપર આવેલ ૧૫૦.૭૩૨ સમ ચોરસ મીટર એરીયાના બાંધકામવાળી મિલકત . | આરોપી ચેતનકુમાર ઈશ્વરલાલ વાઘેલા | રૂ.૨૩,૩૧,૦૦૦-/ | રૂ.૪૬,૬૨,૦૦૦-/ | આરોપી ચેતનકુમાર ઈશ્વરલાલ વાઘેલા તેમના પત્ની જ્યોત્સના ચેતનકુમાર વાઘેલા |
| | **કુલ** | | **રૂ.૯૫,૩૧,૦૦૦-/** | **રૂ.૨,૧૫,૬૨,૦૦૦-/** | |

**કોષ્ટક-૦૨**

| ક્ર. | એકાઉન્ટ હોલ્ડરનું નામ | બેંકનું નામ | એકાઉન્ટ નંબર | રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | આરોપી નિલેષભાઇ ખીમજીભાઇ જાદવ | AXIS BANK ચૌટાપુલ ભાગળ શાખા | 99010070630569 | Rs.41418/- |
| ૨ | આરોપી ચેતનકુમાર ઈશ્વરલાલ વાઘેલા | AXIS BANK ઘોડદોડ રોડ શાખા | 04710100410588 | Rs.195911/- |
| ૩ | આરોપી નિલેષભાઇ ખીમજીભાઇ જાદવ | KOTAK MAHINDRA BANK લાલગેટ સિનેમા રોડ શાખા | 6612413825 | Rs.3400/- |
| ૪ | આરોપી નિલેષભાઇ ખીમજીભાઇ જાદવ | BANK OF MAHARASHTRA અઠવાલાઈન્સ શાખા | 20149431111 | Rs.2833/- |
| | | **Total** | | **Rs.2,43,562/-** |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ડૉ. હર્ષિત ગોસાવી,**

સરકારના અધિક સચિવ.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.10.01 12:37:42 IST